## UCCC & SPBCBA & SDHGCBCA & IT

## S.Y.B.com Sem. – ૪

## Advanced Accounting and Auditing Paper – 3

# સેવા પડતર પદ્ધતિ :

---

1. નીચે આપેલ માહિતી પરથી પેસેન્જર કિલોમીટર અને કુલ કિલોમીટર શોધો:

| | |
|---|---|
| બસની સંખ્યા | ૫ |
| મહિનાના કામકાજના દિવસો | ૨૫ |
| દરેક બસની દરરોજની રાઉન્ડ ટ્રીપ | ૪ |
| બે સ્થળ વચ્ચેનું અંતર | 20 કિમી |
| બસની વહનક્ષમતા | ૫૦ પેસેન્જર |
| સામાન્ય મુસાફરી | વહનક્ષમતાનાં ૯૦% |

*[V.N.S.G.U April 2013]*

2. એક ટ્રક ૧૦ કિલોમિટરનાં અંતરે આવેલ બે શહેરો વચ્ચે માલનું વહન કરે છે. જતી વખતે નૂર ક્ષમતાનાં ૧૦૦% પૂરેપૂરું ૧૦ ટન મળે છે, જ્યારે વળતી વખતે ક્ષમતાનાં ૭૦% મળે છે. દરરોજની બે રાઉન્ડ ટ્રીપ શક્ય છે. ટ્રક મહિનાનાં સરેરાશ ૨૫ દિવસ દોડે છે. નીચે આપેલ માહિતી પરથી કુલ માસિક ટન કિલોમિટર શોધો:

3. નીચે આપેલ માહિતી પરથી પેસેન્જર કિલોમીટર શોધો:

| કિલોમીટર | પેસેન્જર |
|---|---|
| ૫ | ૧૫,૦૦૦ |
| ૧૦ | ૮૫૦૦ |
| ૧૫ | ૭૦૦૦ |
| ૨૦ | ૫૦૦૦ |
| ૨૫ | ૪૦૦૦ |

*[V.N.S.G.U April 2016]*

UDHNA COLLEGE

4. એકતા નામની ટ્રકની નીચે આપેલ માહિતી પરથી માઈલદીઠ પડતર શોધો:

| વિગતો | |
|---|---|
| માઈલ (વાર્ષિક) | ૧૫,000 |
| ટ્રકની કિંમત | રૂ ૨,૫૦,000 |
| રોડ લાઈસન્સ (વાર્ષિક) | રૂ ૭૫૦૦ |
| વીમો (વાર્ષિક) | રૂ ૭000 |
| ગેરેજ ભાડું (વાર્ષિક) | રૂ ૬000 |
| સુપરવિઝન અને પગાર (વાર્ષિક) | રૂ ૧૨,000 |
| ડ્રાઈવરનો પગાર કલાકદીઠ | રૂ 30 |
| લિટરદીઠ પેટ્રોલ ખર્ચ | રૂ 30 |
| લિટરદીઠ માઈલેજ | 20 માઈલ |
| માઈલદીઠ સમારકામ નિભાવ ખર્ચ | રૂ ૧૬.૫ |
| માઈલદીઠ ટાયરખર્ચ | રૂ ૮ |
| ટ્રકનું આયુષ્ય | ૧,00,000 માઈલ |

ટ્રકની કિંમત પર વાર્ષિક ૫% વ્યાજ ઉધારવાનું છે. ટ્રક કલાકદીઠ ૨૦ માઈલ ચાલે છે.

*[V.N.S.G.U April 2016]*

5. માલવ ટ્રાન્સપોર્ટ કંપની નીચે મુજબનો ટ્રકનો કાફલો ધરાવે છે:

| ટ્રકોની સંખ્યા | ૪૦ | 30 | ૨૦ | ૧૦ |
|---|---|---|---|---|
| ટ્રકોની ક્ષમતા (ટનમાં) | ૧૦ | ૮ | ૬ | ૫ |

દરેક ટ્રક એક દિવસમાં ૫ ટ્રીપ કરે છે. દરેક ટ્રીપમાં ૨૦ કિલોમીટર અંતર કાપે છે. દરેક ટ્રક તેની ક્ષમતાનાં ૮૦% જેટલું વહન કરે છે, સરેરાશ ૧૦% જેટલા વાહનો દરરોજ રિપેરમાં હોય છે. માલનું વહન એપ્રિલ ૨૦૧૭નાં બધા જ દિવસે થાય છે. માસિક ટન કિમી.ની ગણતરી કરો:

6. પ્રકાશ ટ્રાન્સપોર્ટ કંપની ૧૦ ટન ધરાવતી એક ટ્રક સંબંધી નીચેની વિગતો પૂરી પાડે છે:

| | |
|---|---|
| એક ટ્રકની પડતર કિંમત – | રૂ ૧૪,00,000 |
| ભંગાર કિંમત | ટ્રકની પડતર કિંમતનાં ૨૦% |

UDHNA COLLEGE

| | |
|---|---|
| ટ્રકનું અંદાજીત આયુષ્ય | ૨૦ વર્ષ |
| ડીઝલ, ઓઈલ, ગ્રીઝ વગેરે | એક ટન કિલોમીટરદીઠ રૂ ૧ |
| મરામત અને નિભાવ  ખર્ચ | માસિક રૂ ૨૦૦૦ |
| ડ્રાઈવરનો પગાર | માસિક રૂ ૨૪૦૦ |
| ક્લીનરનો પગાર | માસિક રૂ ૧૨૦૦ |
| વીમો દરેક ટ્રકદીઠ | વાર્ષિક રૂ ૧૯,૨૦૦ |
| કરવેરા | વાર્ષિક રૂ ૯૬૦૦ |
| સુપરવિઝન ખર્ચ દરેક ટ્રક દીઠ | વાર્ષિક રૂ ૪૮૦૦ |

આ ટ્રક સુરતથી વલસાડ અને વલસાડથી સુરત બાજુ માલનું વહન કરે છે. સુરતથી વલસાડ વચ્ચેનું અંતર ૮૦ કિલોમીટર છે. જતી વખતે પૂરેપૂરી ક્ષમતા સુધીનું નૂર પ્રાપ્ત થાય છે, જ્યારે વલસાડથી સુરત આવતાં ફેરામાં ક્ષમતાનાં ૫૦% નૂર પ્રાપ્ત કરે છે. દરરોજ એક રાઉન્ડ ટ્રીપ શક્ય છે.

ટ્રક મહિનામાં સરેરાશ ૨૦ દિવસ દોડે છે. ટન કિલોમીટર દીઠ સેવા પડતર શોધો.

*[V.N.S.G.U April 2017]*

7. કાશ્મીર ટ્રાવેલ્સ પાસે એક લકઝરી બસ છે. બસની પડતર કિંમત રૂ ૨૦,૦૦,૦૦૦ છે. તેનું ઉપયોગી આયુષ્ય ૫,૦૦,૦૦૦ કિ.મી છે. એપ્રિલ માસ દરમિયાન આ બસે ૨૦ દિવસ માટે દરરોજ ૧૦ રાઉન્ડ ટ્રીપ કરી છે અને ૫ દિવસ માટે દરરોજ ૮ રાઉન્ડ ટ્રીપ કરી છે. સમારકામ ખર્ચ ઘસારાનાં ૫૦% અંદાજવામાં આવે છે. આ સમયની અન્ય વિગતો નીચે મુજબ છે:

| મુસાફરની વિગત | | ખર્ચની વિગત માસિક | |
|---|---|---|---|
| કિલોમીટર | મુસાફરો | ખર્ચા | રકમ (રૂ) |
| ૧૦ | ૨૦,૦૦૦ | સી.એન.જી ગેસ | ૩,૦૦,૦૦૦ |
| ૧૫ | ૪૦,૦૦૦ | ઓઈલ ગ્રીસ | ૨,૦૦,૦૦૦ |
| ૨૦ | ૫૦,૦૦૦ | બસનો વીમો | ૧,૫૦,૦૦૦ |
| ૨૫ | ૬૦,૦૦૦ | ટ્રાયર ટ્યૂબ | ૫,૦૦,૦૦૦ |
| ૩૦ | ૭૦,૦૦૦ | ડ્રાઈવરનો પગાર | ૨૦,૦૦૦ |
| | | રોડ ટેક્ષ | ૫૦,૦૦૦ |

UDHNA COLLEGE

જો ચોખ્ખી આવકનાં ૨૫% લેખે નફો મેળવવો હોય તો મુસાફર કિ.મી દીઠ પડતર અને ભાડાની ગણતરીનું પત્રક તૈયાર કરો *[V.N.S.G.U April 2012]*

8. શ્રી રેણુકા એક બસ ધરાવે છે. આ બસ મહિનાનાં ૨૫ દિવસ દોડે છે, જેની વિગતો નીચે પ્રમાણે છે:

| | |
|---|---|
| (અ) અમદાવાદથી સુરત – રોજની એક વળતી ટ્રીપ: | |
| બંને શહર વચ્ચેનું એક બાજુનું અંતર | ૨૫૦ કિ.મી |
| મહિનાનાં દિવસો | ૧૦ |
| ભરાયેલ જગ્યાની ક્ષમતા | ૯૦% |
| (બ) અમદાવાદથી રાજકોટ - રોજની એક વળતી ટ્રીપ: | |
| બંને શહર વચ્ચેનું એક બાજુનું અંતર | ૨૦૦ કિમી |
| મહિનાનાં દિવસો | ૧૦ |
| ભરાયેલ જગ્યાની ક્ષમતા | ૮૦% |
| (ક) અમદાવાદ સ્થાનિક શહેર: | |
| એક દિવસ દરમિયાનનું અંતર | ૨૦૦ કિમી |
| મહિનાનાં દિવસો | ૫ |
| ભરાયેલ જગ્યાની ક્ષમતા | ૧૦૦% |
| (ડ) અન્ય માહિતી : | |
| બસની મૂળ કિંમત | રૂ ૪૦,૦૦,૦૦૦ |
| ઘસારો- વાર્ષિક | ૧૫% |
| ડ્રાઈવરનો પગાર-માસિક | રૂ ૧૫,૦૦૦ |
| કંડકટરનો પગાર – માસિક | રૂ ૧૦,૦૦૦ |
| અન્ય વહીવટી ખર્ચ – માસિક | રૂ ૩૮,૫૦૦ |
| વિમા પ્રીમીયમ - વાર્ષિક | ૩% |
| રોડ ટેક્ષ – વાર્ષિક | રૂ ૬૦૦૦ |
| સમારકામ અને નિભાવ ખર્ચ – માસિક | રૂ ૧૦૦૦ |
| ડીઝલનો વપરાશ પ્રતિ ૪ કિલોમીટરે ૧ લિટર ડીઝલ | |
| ૧ લીટર ડીઝલનો ભાવ | રૂ ૩૫ |
| લુબ્રીકેન્ટ ઓઈલ પ્રતિ ૧૦૦ કિલોમીટરે રૂ ૫૦ | |

UDHNA COLLEGE

(ઈ) બસની કુલ બેઠક ક્ષમતા ૫૦ પેસેન્જર્સની છે:

ઉપરોક્ત વિગતો પરથી:

ભાડા પર ૩૩ ૧/૩ % નફો મેળવવા માટે પેસેન્જર કિલોમીટરદીઠ પડતર શોધો. અમદાવાદથી સુરત અને અમદાવાદથી રાજકોટનું પેસેન્જર ભાડું ગણો.

*[V.N.S.G.U April 2018]*

9. કુસુમબેન કડકિયા ટ્રાન્સપોર્ટ કંપની પાસે ત્રણ બસનો એક સમૂહ છે કે જેનો ઉપયોગ કડકિયા કોલેજનાં વિદ્યાર્થીઓને અંકલેશ્વર સ્ટેશનથી કોલેજ અને પરત લઈ જવા માટે થાય છે અને જેનું કુલ અંતર ૧૦ કિમી છે. દરેક બસ બે આખી (રાઉન્ડ ટ્રીપ) મુસાફરી એક દિવસમાં કરે છે અને ૫૬ પેસેન્જર એક (સિંગલ) મુસાફરીમાં લઈ જાય છે. દરેક બસ મહિનાનાં ૨૫ દિવસ કામ કરે છે.

નીચે જણાવેલ ખર્ચ પરથી તમારે કુસુમબહેન કડકિયા ટ્રાન્સપોર્ટ કંપનીની એક પેસેન્જર કિલોમીટરદીઠ પડતર શોધવાની છે:

| | |
|---|---|
| ૩ ડ્રાઈવરનો મહિનાનો પગાર | રૂ ૧૫,૦૦૦ |
| ૩ ક્લીનરનો મહિનાનો પગાર | રૂ ૧૨,૦૦૦ |
| એક લિટરદીઠ ડીઝલ ચાર્જ | રૂ ૩૫ |
| એક દિવસનો પેસેન્જર દીઠ રોડ ટેક્સ | રૂ ૫ |
| એક બસની વાર્ષિક લાઈસન્સ ફી | રૂ ૨૪,૦૦૦ |
| વાર્ષિક ગેરેજ ભાડું (કુલ) | રૂ ૭૨,૦૦૦ |
| વાર્ષિક વિમા ખર્ચા | વાહનની પડતર કિંમતનાં ૫ ટકા |
| નિભાવ ખર્ચ | ઘસારા ખર્ચનાં ૫૦ ટકા |

દરેક બસની કિંમત રૂ ૩૦,૦૦,૦૦૦ છે અને તેની ૧૦ વર્ષની જિંદગીને અંતે તેની ભંગાર કિંમત રૂ ૩,૦૦,૦૦૦ છે. દરેક બસ ૧ લિટર ડીઝલમાં ૭ કિમી ચાલે છે.

કોલેજ વિદ્યાર્થી પાસે લેવાના ભાડાના ૬૦% આપે છે. જો કડકિયા ટ્રાન્સપોર્ટ કંપની પડતર કિંમતનો ૧/૫ ભાગનો નફો લેતી હોય તો દરેક વિદ્યાર્થી કોલેજને ટ્રાન્સપોર્ટ ચાર્જ તરીકે શું આપશે તે નક્કી કરો.

UDHNA COLLEGE

10. કૌશલ ઓટોમોબાઈલ્સ તેના પ્રાદેશિક વેપારીને માલ પહોંચાડવા માટે ટ્રકનો ઉપયોગ કરે છે. વેપારીનું સ્થળ ૪૦ કિ.મીના અંતરે આવેલ છે. ટ્રકની ક્ષમતા ૧૦ ટનની છે. ટ્રક દરરોજની બે રાઉન્ડ ટ્રીપ કરે છે. જતા ફેરામાં પૂર્ણ ક્ષમતાનો માલ હોય છે જ્યારે તે વળતા ખાલી હોય છે. નીચેની માહિતી ૨૦૧૯નાં વર્ષ દરમિયાનનાં ચાર અઠવાડિયાનાં ગાળાની છે.

| | |
|---|---|
| પેટ્રોલ વપરાશ | ૮ કિમી પ્રતિલીટર |
| પેટ્રોલ ખર્ચ | રૂ ૭૦ પ્રતિ લીટર |
| ઓઈલ ખર્ચ | રૂ 3000 અઠવાડિયા દીઠ |
| ડ્રાઈવરનો પગાર | રૂ ૨000 અઠવાડિયા દીઠ |
| મરામત ખર્ચ | રૂ ૮00 અઠવાડિયા દીઠ |
| ગેરેજ ભાડું | રૂ 300 અઠવાડિયા દીઠ |
| ટ્રકની પડતર | રૂ ૧૮,00,000 |
| ટ્રકનું આયુષ્ય | ૪,00,000 કિમી |
| ટ્રકની ભંગાર કિંમત (આયુષ્યનાં અંતે) | રૂ ૨,00,000 |
| વીમો (વાર્ષિક) | રૂ ૨0,૮00 |
| ટાયર ખર્ચ | રૂ ૭૫,000 |
| ટાયરનું આયુષ્ય | ૭૫,000 કિમી |
| લાયસન્સ ફી | રૂ ૫૨00 (વાર્ષિક) |
| વહીવટી પરોક્ષ ખર્ચ | રૂ ૮3,૨00 (વાર્ષિક) |

ટ્રક અઠવાડિયામાં પાંચ દિવસ ચાલે છે. ચાર અઠવાડિયા માટેનું સેવા પડતર પત્રક બનાવો. ટન કિલોમીટર અને કિલોમીટરદીઠ પડતર શોધો. *[V.N.S.G.U April 2020]*

UDHNA COLLEGE